**રાજકોટ પીપલ્સ કો-ઓપરેટીવ બેંક લિ.**

"સભાસદ ભવન", ૧ મનહર પ્લોટ, ગોંડલ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨ ફોન નં. ૦૨૮૧-૨૪૮૦૯૪૨-૩-૪, ઈ-મેઈલઃ rpcbho@rpcbank.in

SYMBOL OF TRUST

Ref. : RPCB / CIR / 043 / 2023-24
Date : 30.10.2023

**તમામ શાખાઓને પરિપત્ર**

**વિષય : Fair Lending Practice - વિવિધ લોન/ધિરાણ ખાતાઓમાં બેન્કો દ્વારા લેવામાં આવતા પેનલ ઈન્ટરેસ્ટ/પેનલ ચાર્જિસ બાબત.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે બેંકો દ્વારા બોરોવરને મંજૂર કરવામાં આવતા વિવિધ લોન/ધિરાણોની મંજૂરીની શરતોનું પાલન ન કરવાના કિસ્સામાં કે ધિરાણોની પરત ચુકવણી કરવામાં ડિફોલ્ટ થવાના કિસ્સામાં બેંકો દ્વારા પેનલ ઈન્ટરેસ્ટ વસૂલ કરવામાં આવે છે અને પેનલ ઈન્ટરેસ્ટ ખાતામાં ઉધારવામાં આવે છે જેથી બોરોવર પર વ્યાજનો વધારે બોજો ઉપસ્થિત થાય છે. બેંકો દ્વારા પેનલ ઈન્ટરેસ્ટ આવક વધારવાના સાધન તરીકે ઉપયોગ ન કરતા બોરોવરમાં ધિરાણ શિસ્તની ભાવનાનું નિર્માણ કરવા માટે ઉપયોગ કરવાનો છે. પેનલ ઈન્ટરેસ્ટ બાબતે બેંક અને ગ્રાહકો વચ્ચે ફરિયાદો કે વિવાદો ઉપસ્થિત ન થાય તે હેતુથી તા. ૧૮.૦૮.૨૦૨૩ ના પરિપત્ર ન. DOR.MCS.REC.28/01.01.001/2023-24 અન્વયે RBI દ્વારા નીચે મુજબની માર્ગદર્શિકા આપવામાં આવેલી છે.

૧. બોરોવર દ્વારા લોન કરારના મહત્વના નિયમો અને શરતોનું પાલન ન કરવા બદલ વસૂલ કરવામાં આવતા દંડાત્મક વ્યાજને હવેથી દંડાત્મક ફી/ચાર્જ તરીકે ગણવાનું રહેશે.

૨. દંડાત્મક ફી/ચાર્જ ને ખાતામાં ઉધરવાના બદલે પેન્ડિંગ ચાર્જ તરીકે લોન/ધિરાણ ખાતામાં દર્શાવવાના રહેશે. આવા ચાર્જિસ પર કોઈ પણ પ્રકારનું વધારાનું વ્યાજ લેવાનું રહેશે નહી.

૩. બેંક દ્વારા વ્યાજના દરમાં કોઈ વધારાના ચાર્જિસનો સમાવેશ કરવાનો રહેશે નહી અને માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૪. દંડનીય ચાર્જનું પ્રમાણ વાજબી અને ચોક્કસ લોન/પ્રોડક્ટ કેટેગરીમાં કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના લોનના કરારના મહત્ત્વના નિયમો અને શરતોનું પાલન ન કરવાને અનુરૂપ રહેશે.

૫. વ્યવસાય સિવાયના અન્ય હેતુઓ માટે વ્યક્તિગત બોરોવર કે બિન-વ્યક્તિગત(પેઢી, કંપની, ટ્રસ્ટ, વિગેરે) બોરોવર દ્વારા સમાન મહત્વના નિયમો અને શરતોનું પાલન ન કરવા બદલ એકસમાન દંડાત્મક ચાર્જ વસૂલ કરવાનો રહેશે.

૬. મંજૂરી પત્રને લોન એગ્રીમેન્ટના એકભાગરૂપ ગણીને પેનલ ચાર્જિસની રકમ, પેનલ ચાર્જિસનું કારણ અને સૌથી મહત્ત્વના નિયમો અને શરતો/Key Fact Statement નીચેની વિગતે શાખા દ્વારા મંજૂરી પત્રમાં સ્પષ્ટપણે દર્શાવીને બોરોવરને જણાવવાનું રહેશે.

| ક્રમ | પેનલ ચાર્જીસનું કારણ/મહત્વના નિયમો અને શરતો | પેનલ ચાર્જીસની વિગત (વખતો વખત ફેરફારને આધિન) |
|---|---|---|
| ૧ | હપ્તો ભરવાની નિયત તારીખ સુધીમાં હપ્તાની રકમ ભરપાઈ કરવામાં ન આવે તો | દરેક ચડત હપ્તાની રકમ પર ૨ % પ્રમાણે શિક્ષાત્મક/દંડનીય ચાર્જ વસૂલ કરવાનો રહેશે. |

<table>
<tr><td>૨</td><td>ધિરાણ ખાતાં ઉધારવામાં આવેલ વ્યાજની રકમ ૧૦ દિવસમાં ભરપાઈ કરવામાં ન આવે તો</td><td>વ્યાજની રકમ પર ૨ % પ્રમાણે શિક્ષાત્મક/દંડનીય ચાર્જ વસૂલ કરવાનો રહેશે.</td></tr>
<tr><td>૩</td><td>મંજૂર થયેલ મુદ્દતથી વધારેના સમય માટે સીસી/ઓડી ખાતામાં લિમિટ કે ડ્રોઈંગપાવરથી વધારે ઉપાડ થયેલો હોય તો</td><td>વધારે ઉપાડની રકમ પર ભરપાઈ થયાની તારીખ સુધી ૨ % પ્રમાણે શિક્ષાત્મક/દંડનીય ચાર્જ વસૂલ કરવાનો રહેશે.</td></tr>
<tr><td>૪</td><td>માસિક સ્ટોક પત્રક/બુકડેબ્ટ સ્ટેટમેન્ટ પૂર્ણ થયેલા માસ પછીના ૧૦ દિવસમાં બેંકમાં આપવામાં ન આવે તો</td><td>દરેક ડિફોલ્ટ વખતે દર માસે રૂા.૨૦૦/- વસુલ કરવાનાં રહેશે. (દા.ત. બે માસ માટે લેઈટ થયેલ હોય તો રૂા.૪૦૦/- અને તે મુજબ)</td></tr>
<tr><td>૫</td><td>(૧) સ્ટોક/મશીનરી/સાધનો/તારણમાં આવેલ સ્થાવર મિલકતનો વીમો ડ્યુ ડેઈટ સુધીમાં રીન્યુ કરાવીને બેંકમાં આપેલ ન હોય તો,<br>(૨) તારણમાં આપેલ સ્થાવર મિલ્કતનો વેલ્યુએશન રીપોર્ટ <u>(મોર્ગેજ લોન/ ઓવરડ્રાફ્ટ તેમજ સિલ્વર જ્યુબીલી લોન/ઓવરડ્રાફ્ટ ખાતા સિવાય)</u> ત્રણ વર્ષ પૂર્ણ થયેથી એક માસમાં બેંકમાં આપેલ ન હોય તો અને<br>(૩) પેઢીના બંધારણમાં કરવામાં આવેલા ફેરફારની તારીખથી ત્રણ માસ પછી પણ બેંકને જાણ કરવામાં ન આવે તો<br>(ઉપરોક્ત ત્રણેય પ્રકારના કિસ્સામાં અલગ અલગ ચાર્જીસ લેવાના રહેશે.)</td><td>
<table>
<tr><th>ક્રમ</th><th>ધિરાણની રકમ રૂા.</th><th>શિક્ષાત્મક / દંડનીય ચાર્જ</th></tr>
<tr><td>૧</td><td>રૂા. ૫.૦૦ લાખની લીમીટ</td><td>૩૦૦/-</td></tr>
<tr><td>૨</td><td>રૂા. ૫.૦૦ થી રૂા.૧૦.૦૦લાખ</td><td>૪૦૦/-</td></tr>
<tr><td>૩</td><td>રૂા. ૧૦.૦૦ થી રૂા.૨૫.૦૦લાખ</td><td>૬૦૦/-</td></tr>
<tr><td>૪</td><td>રૂા. ૨૫.૦૦ લાખથી વધારે</td><td>૧,૦૦૦/-</td></tr>
</table>
</td></tr>
<tr><td>૬</td><td>વાર્ષિક રીન્યુઅલ માટે પેઢીના સરવૈયા, નફા નુકશાન ખાતું અને અન્ય જરૂરી વિગતો રીન્યુયલની ડ્યુ ડેઈટ સુધીમાં બેંકમાં આપવામાં ન આવે તો</td><td>
<table>
<tr><th>ક્રમ</th><th>ધિરાણની રકમ રૂા.</th><th>એક માસ રૂા.</th><th>બે માસ રૂા.</th><th>ત્રણ માસ રૂા.</th></tr>
<tr><td>૧</td><td>રૂા. ૫.૦૦ લાખની લીમીટ</td><td>૩૦૦/-</td><td>૪૦૦/-</td><td>૬૦૦/-</td></tr>
<tr><td>૨</td><td>રૂા. ૫.૦૦ થી રૂા.૧૦.૦૦લાખ</td><td>૪૦૦/-</td><td>૬૦૦/-</td><td>૯૫૦/-</td></tr>
<tr><td>૩</td><td>રૂા. ૧૦.૦૦ થી રૂા.૨૫.૦૦લાખ</td><td>૬૦૦/-</td><td>૯૦૦/-</td><td>૧,૫૦૦/-</td></tr>
<tr><td>૪</td><td>રૂા. ૨૫.૦૦ લાખથી વધારે</td><td>૧,૦૦૦/-</td><td>૧,૫૦૦/-</td><td>૩,૦૦૦/-</td></tr>
</table>
</td></tr>
</table>

૭. જ્યારે પણ લોન/ધિરાણના ઉપર મુજબના મહત્વના નિયમો અને શરતોનું પાલન ન કરવા બદલ બોરોવરને રિમાઈન્ડર મોકલવામાં આવે ત્યારે દંડાત્મક ચાર્જિસ લગાવવા માટેનું કારણ અને લાગુ પડતાં ચાર્જિસની રકમ જણાવવાનું રહેશે.

૮. ઉપરોક્ત સૂચનાઓનો તા.૦૧.૦૧.૨૦૨૪ થી અમલ કરવાનો રહેશે. તા.૦૧.૦૧.૨૦૨૪ થી મંજૂર કરવામાં આવતા તમામ નવા લોન/ધિરાણ ખાતાઓમાં ચાર્જિસની નવી વ્યવસ્થા લાગુ કરવાની રહેશે. જ્યારે હાલના લોન/ધિરાણ ખાતાઓમાં નવી દંડ ફી/ચાર્જ વ્યવસ્થા લોન/ધિરાણ ખાતાની આગામી રીવ્યુઅલ અથવા રીન્યુઅલની તારીખથી અથવા તા.૦૧.૦૧.૨૦૨૪ થી છ મહિના(તા. ૩૦.૦૬.૨૦૨૪) પૈકી જે વહેલું હોય તે તારીખથી અમલ કરવાનો રહેશે.

૯. મંજૂર કરવામાં આવતા દરેક પ્રકારના લોન/ધિરાણ ખાતાના મંજૂરી પત્ર <u>ત્રણ નકલ</u>માં તૈયાર કરવાના રહેશે. તે પૈકી એક નકલ બોરોવરને, એક નકલ 'ધીરેલા નાણાંની કબૂલાત' સાથે અને એક નકલ બોરોવરની ફાઈલમાં રાખવાની રહેશે.

RBI ની ઉપરોક્ત માર્ગદર્શિકાનો અભ્યાસ કરીને કાળજીપૂર્વક સમય મર્યાદામાં ચુસ્તપણે અમલ કરવાની આથી સૂચના આપવામાં આવે છે.

**એમડી & સીઈઓ**